## આજની નવલી નવરાત

- સેકટર-૩-ન્યુ નવરાત્રી ચોકમાં ગાંધીનગરના કૃણાલ ઓરકેસ્ટ્રા રાસ ગરબાની રમઝટ કરાવશે.
- સેકટર-૩-બી નવરાત્રી ચોકમાં એમ.એસ. મ્યુઝિકલ ગૃપ રાસ ગરબાની ધૂમ મચાવશે.
- સેકટર-૫-સી (રીંગ રોડ) નવરાત્રી ચોક ખાતે હેત મ્યુઝિકલ ગૃપ. પંકડ કાપડિયા ખેલૈયાઓને ઢોલે રમાડશે.
- કલ્ચરલ ફોરમ ગાંધીનગર બાલનગરી ગ્રાઉન્ડ સેકટર-૬ ખાતે દિપેશ દેસાઈ એન્ડ ગૃપ રાસ-ગરબાની રમઝટ બોલાવશે.
- સેકટર-૮ એકતા ચોકમાં ગણેશ કલાવૃંદ રાસ ગરબાની મોજ કરાવશે.
- સે-૧૭ નવરાત્રી ચોકમાં જય ઝનકાર ગૃપ ખેલૈયાઓને ગરબાની મોજ કરાવશે.
- સેકટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં સુરમધુર મ્યુઝિકલ પાર્ટીના ધર્મેન્દ્ર નાયક રાસ ગરબાની રમઝટ કરાવશે.
- સરઢવ વારાહી ચોકમાં વારાહી મ્યુઝિકલ ગૃપ ગરબામાં રમઝટ કરાવશે.
- સરઢવ માંડવી ચોકમાં માવતર મ્યુઝિકલ ગૃપ રાસ ગરબાની મોજ કરાવશે.

## આનંદના ગરબા

- મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજે રક્ષાબેન પરમારના નિવાસે પ્લોટ નં. ૫૭૫/૨, સેક્ટર-૩-સી બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે. ભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

- માઈ મંડળ સેક્ટર-૨૩ દ્વારા આનંદનો ગરબો આજે ઈલાબેન પટેલના ઘરે બ્લોક નં. ૧૫/૧ છ-ટાઈપ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૦૦ વાગ્યા દરમિયાન યોજાશે.

## મહિલા પાંખના ફરતા ગરબા યોજાયા

આદ્યશકિતની આરાધના રૂપે સિનિયર સિટિઝન કાઉન્સિલ મહિલા પાંખે ફરતા ગરબા યોજી માતાજીના ગરબા રમ્યા હતા. સાતમા નોરતે યોજાયેલ ફરતા ગરબા અને બેઠા ગરબામાં ગાંધીનગરની વિવિધ મહિલા સંગઠનના પ્રમુખો ઉપસ્થિત રહી માતાજીની સ્તુતિ કરી હતી. ગરબામાં સિત્તરેથી વધુ મહિલાઓ જોડાઈ હતી.

## છઠ્ઠું નોરતુ

### કલ્ચરલ ફોરમના ગરબામાં આજના વિજેતાઓ

| કેટેગરી | વિજેતા ખેલૈયા |
|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | હેત પટેલ - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | હેત શાહ - રનર્સઅપ |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | કાવ્યા પરિખ - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | હિયા શાહ - રનર્સ અપ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | મહર્ષિ પટેલ - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | ઋશ્વ શાહ- રનર્સ અપ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | આયુષી શર્મા - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | વેદાંશી દવે - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | મનન ભટ્ટ - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | નીલ પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | હેતવી કડિયા - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | રાજસી શાહ - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | હર્ષ રાઠોડ - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | મેહુલ ભોજક - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | એરિકા ખન્ના - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | વૃતા પરમાર - રનર્સ અપ |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | જીતુભાઈ શાહ - વિનર |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | હિતાર્થ વસાવડા - રનર |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | બીનાબેન શાહ - વિનર |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | જ્યોતિબેન પટેલ - રનર્સ |
| બેસ્ટ પેર | અંકિત પટેલ એન્ડ હિર શુકલ - વિનર |
| બેસ્ટ પેર | વૈદેહી પંડ્યા- ચિત્રા પ્રજાપતિ - રનર્સ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | અમરદીપ હાડા - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | પ્રશાંત અડાલજા - રનર્સ અપ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | ખુશાલી મહેતા - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | ચિત્રા બિહોલા - રનર્સ અપ |

# ગાંધીનગર જિલ્લા અને મનપા દ્વારા તરણ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સરકારના રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરનાં ઉપક્રમે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સમગ્ર ગુજરાતમાં ખેલ મહાકુંભ-૨૦૧૪ની વિવિધ સ્પર્ધાઓની શુભ સરૂઆત તા. ૪-૧૦-૧૪ થી થઈ રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગાંધીનગર જિલ્લા અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્વીમીંગ સ્પર્ધાઓ તા. ૪ અને ૫ ઓક્ટોબરનાં રોજ સચિવાલય જીમખાના સ્વીમિંગ પૂલ, સેક્ટર-૨૧ ખાતે આયોજીત કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના સ્પર્ધકોએ તા. ૪-૧૦-૨૦૧૪ ના રોજ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્પર્ધકોએ તા. ૫-૧૦-૨૦૧૪ ના રોજ સવારે ૮.૩૦ વાગે સચિવાલય જીમખાના સ્વીમીંગ પૂલ, સેક્ટર-૨૧ ખાતે રિપોર્ટીંગ કરવા જણાવવામાં આવે છે. રિપોર્ટીંગ સમયે સ્પર્ધાના આયોજકો દ્વારા જે આધાર-પુરાવા માંગવામાં આવે તે રજુ કરવાના રહેશે. જેવા કે ઓનલાઈન રજીસ્ટ્રેશન આઈ.ડી.ની રીસીપ્ટ, જન્મ તારીખનો દાખલો અને રહેઠાણના આધાર-પુરાવાની નકલ સાથે રાખી ઉપસ્થિત રહેવું.

# સેક્ટર-૧૪ માં રાવણદહન સહિત કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૨

અધર્મ પર ધર્મનો વિજય દશેરા પર્વની જય અંબે પરિવાર સેક્ટર-૧૪ દ્વારા ઉજવણી કરવામાં આવશે. નવ-નવ દિવસ સુધી માતાજીની આરાધના કર્યા બાદ આજે શુક્રવાર સાંજે ૭.૦૦ વાગે રાવણ દહન કરવામાં આવશે. પ્લોટ નં. ૧૦૮/૨ ખાતે કાર્યક્રમ યોજાશે. તેમજ રામલીલા, ૧૦૧ દિવડાની મહાઆરતી અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

# સે. ૨૧ પંચશીલ સોસાયટીમાં શેરી ગરબાએ આકર્ષણ જમાવ્યું

### અગાઉ પાર્ટી પ્લોટની ગરજ સારે તેવા ગરબા થતા હતા : સેક્ટરવાસીઓ પારિવારિક માહોલમાં ગરબાની રમઝટ બોલાવે છે

ગાંધીનગર, તા. ૨

નવરાતના અંતિમ તબક્કામાં સેક્ટરોની શેરીઓમાં ગરબાની રમઝટ જામી છે. જ્યારે સે. ૨૧ સ્થિત પંચશીલ સોસાયટીમાં પણ પરંપરાગત રાસ-ગરબા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ભક્તિભાવપૂર્વક અને પારિવારિક માહોલમાં રહીશો ગરબા મહોત્સવની અનોખી ઉજવણી કરે છે.

સે. ૨૧ માં સ્થિત પંચશીલ પાર્ક સોસાયટીમાં શેરી ગરબાની રમઝટ જામી છે. સોસાયટીમાં વર્ષોથી ઉજવાતા શેરીગરબાએ નગરમાં આગવી ઓળખ મેળવી છે. એક જમાનામાં પાર્ટી પ્લોટના આયોજન કરતા પણ પંચશીલના ગરબા મહોત્સવની ઉજવણી ખેલૈયાઓમાં અદમ્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી. જ્યારે સોસાયટીના અગ્રણીઓએ આજે પણ આ પરંપરા જાળવી રાખી છે. પંચશીલના ગરબા મેદાનમાં ૮૦૦ થી વધુ ખેલૈયાઓ ગરબે ઘુમે છે. ગૃપમાં આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે. જ્યારે સિનિયર સિટીઝન, બાળકો અને બહેનોને નાસ્તો પણ આપવામાં આવે છે. ગરબા મેદાનમાં નાના બાળકોથી લઈ મોટેરાઓ ગરબે ઘુમતા નજરે પડે છે. પંચશીલ ગરબા મહોત્સવના આ આયોજન માટે પ્રમુખ મહેન્દ્રસિંહ રાઓલ, શૈલેષભાઈ પંડ્યા, દિપક પ્રજાપતિ, લાલભાઈ સોની, ગીરીશભાઈ વસાવડા, શિવકુમાર વર્મા, બી.ટી. વ્યાસ, ઉદયન પટેલ સહીતના આગેવાનો જહેમત ઉઠાવે છે.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ઘ-૬ સરસ્વતી સર્કલ ખાતે સેક્ટર-૧૭ વિવેકાનંદ સંસ્કાર તપોવન વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ દ્વારા સરસ્વતીદેવીની પ્રતિમાની આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે શાળા-પરિવાર તેમજ શેઠ સી.એમ. વિદ્યાલયના આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

# આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં નવરાત્રી પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૨

નવરાત્રી પર્વની શહેરમાં ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ રહી છે ત્યારે આ પર્વમાં શહેરની શાળાઓ પણ જોડાઈ છે. નગરની શાળાઓમાં માતાજીનુંસ્થાપન કરી ગરબા રમવામાં આવ્યા છે.

સેક્ટર-૨૩ સ્થિત આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ડી.જે.ના તાલે ગરબા રમવામાં આવ્યા હતા. શાળાના ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ પરંપરાગત ભાતીગળ ડ્રેસમાં સજ્જ થઈ ગરબા રમ્યા હતા. વિદ્યાર્થીઓએ અવનવી સ્ટાઈલના ગરબા રમવામાં આવ્યા હતા. જેમાં પોપટિયુ, દોઢિયુ, રાસ સહિતના ગરબા રમવામાં આવ્યા હતા.

શિક્ષકો સાથે વિદ્યાર્થીઓએ ખુલ્લા મનથી ગરબા રમ્યા હતા અને શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું છે. જેમાં ધો. ૧ પ્રેમ સોલંકી, શ્રેયા ચૌહાણ, ધો. ૨ માં નયન રાજ ભોઈ, સાક્ષી પ્રજાપતિ, ધોરણ-૩-એ રૂદ્ર પટેલ, ધો. ૩-બી વિશ્વા પટેલ, ધો. ૪-એ યજરાજસિંહ ઝાલા, યામી ચૌધરી, ધો. ૫-એ રાજ્યવર્ધનસિંહ ચૌહાણ, વૃષિકા ઝવેરી, ધો. ૬-સી અંશ પટેલ, ધો. ૬-એ કિન્ના ચૌધરી, ધો. ૭-સી પ્રથમ પટેલ, ધો. ૭-એ દિશા પટેલ, ધો. ૮-એ આદિત્ય નવિયાણી, ધો. ૮-સી નિકિતા ચૌધરી તેમજ ધો. ૧ થી ૮ માં શ્રેષ્ઠ ખેલૈયા તરીકે ધો. ૧ થી ૫ કુમારમાં હર્ષિલ રાવત, ધો. ૬ થી ૮ માં હર્ષલ પટેલ તેમજ કન્યામાં ધો. ૧ થી ૫ માં મિત્તલ રાઠોડ અને ધોરણ. ૬ થી ૮ માં માનસી વાળંદ વિજેતા બન્યા હતા.

# સાબર ઈન્સ્ટીટ્યુટની વિદ્યાર્થિનીઓની અનોખી ગાંધીગીરી

### ઘરે ઘરે ફરીને ૧૦,૦૦૦ કિલો પસ્તી ઉઘરાવી : આ પસ્તીનું વેચાણ કરી જમ્મુ-કાશ્મીર પૂર પીડિતોને ૧,૧૧,૧૧૧ ની સહાય કરાશે

ગાંધીનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના મજરા ખાતે આવેલ સાબર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીની વિદ્યાર્થીનીઓએ આજે ગાંધી જયંતિ નિમિત્તે દર વર્ષની જેમ ગાંધીનગરના તમામ સેક્ટરોમાં ફરીને ઘરે ઘરેથી પેપર પસ્તી ઉઘરાવી હતી. તેમણે લગભગ ૧૦,૦૦૦ કિલો પસ્તી એકત્ર કરી તેના વેચાણમાંથી થયેલી આવકમાંથી જમ્મુ-કાશ્મીરના પૂર પૂડિતોની મદદ માટે મુખ્યમંત્રી રાહત કોષમાં રૂપિયા ૧,૧૧,૧૧૧ નું દાન આપવાનું નક્કી કરી અનોખી ગાંધીગીરીના દર્શન કરાવ્યા હતા.

ગાંધીનગરના નગરજનોએ વિદ્યાર્નિઓના પ્રયાસને બિરદાવ્યો હતો અને હોંશે હોંશે પોતાના ઘરમાં પડેલી પસ્તી આ અનોખા સેવા કાર્ય માટે આપી હતી. વિદ્યાર્થિનીઓએ પણ આ કાર્યક્રમને ખૂબ ઉત્સાહપૂર્વક માણ્યો હતો અને ગાંધીજીને અનોખી શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. આ વિદ્યાર્થીઓએ પસ્તી એકત્ર કરવાની સાથે દરેક સેક્ટરમાં સફાઈના મહત્વ સમજાવતુ અને સફાઈ અભિયાન અંગે જાગૃતિ આવે તે હેતુથી શેરી નાટક પણ રજુ કર્યુ હતુ. ગાંધીનગરના નગરજનો આ શેરી નાટક જોઈ અભિભૂત થયા હતા અને તેમણે સફાઈ અભિયાનમાં સંપૂર્ણ સહયોગ આપવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે કોલેજની એનએસએસ યુનિટના ટ્રસ્ટી મનીષભાઈ પટેલ અને ગાંધીનગર મનપાના કમિશનર જી.આર. ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.





### સાબર કોલેજની વિદ્યાર્થિનીઓ શું કહે છે ?

● પરિતા પટેલ

શરૂઆતમાં અમે પસ્તી ઉઘરાવવા જતા ત્યારે લોકો અમને ક્યાંથી આવ્યા છો, પસ્તીનું શું કરશો તેવા અનેક સવાલ કર્યા હતા. પરંતુ હવે તેઓ અમને ઓળખી જાય છે અને સારો આવકાર આપે છે. ગાંધીજીના અંહિસાના ગુણને આપે અનુસરવો જોઈએ અને તેમની જેમ ગરીબોને મદદ કરવી તેમજ ગરીબોના ઉત્થાન માટે નીતિ બનાવવી જોઈએ. સ્વચ્છતા માટેના આ પ્રકારના આયોજન દરેક કોલેજ સ્કૂલો દ્વારા થવા જોઈએ.

● નિમાષા પટેલ

પહેલા વર્ષે અમોને પણ આમ પસ્તી ઉઘરાવવા જવામાં ખૂબ સંકોચ થતો હતો પણ હવે અમારો આત્મવિશ્વાસ વધી ગયો છે. આ એક સારી પ્રવૃત્તિ છે અને આ સાથે ગાંધીજીના આદર્શોને ધ્યાનમાં રાખી અમારી કોલેજની વિદ્યાર્થિનીઓ સરકારી શાળાના બાળકોને ભણાવવા જાય તેવું પણ સંચાલકોએ આયોજન કરવું જોઈએ. એક આંટીએ અમને પસ્તી આપતા પહેલા ભેટ યોજનાની કૂપનો કાપી લેવા સમય માંગ્યો અને કૂપનો કાપ્યા બાદ પસ્તી આપી હતી. સ્વચ્છતા માટે દરેક નાગરિકે જાતે જ જાગૃત થવુ પડશે તેવું હું માનુ છુ.

● રચના ભોરણીયા

ઘણા નગરજનોએ અમને પાણી અને ચા-નાસ્તા માટે પણ પુછીને સારો આવકાર આપ્યો હતો. ઘણા લોકોએ પસ્તી વેચી દીધી હોવાથી પૈસા દાનમાં આપવાની પણ ઓફર કરી હતી. ગાંધીજીએ જે રીતે તેમના જીવનમાં ઓછુ બોલી વધુ કરી બતાવ્યું હતું તેવી જ રીતે આપણે પણ આપણા કાર્ય થકી આપણી ઓળખ પ્રસ્તાપિત કરવી જોઈએ.

● અવની ત્રિવેદી

હવે તો અમે પસ્તી ઉઘરાવવા જઈએ તે પહેલા બે ત્રણ માસની પસ્તી ભેગી કરી રાખતા નગરજનો પણ મળે છે. જેઓ ગાંધી જયંતિએ અમારા આવવાની રાહ જોતા હોય છે, આ એક સુખદ અનુભવ છે. ગાંધીજીના જીવનમાંથી અનેક પ્રેરણા મળે છે અને અહિંસા અને સ્વચ્છતા બાબતના તેમના આગ્રહ મને વિશેષ આકર્ષે છે.

### સે. ૩ ના નાગરિકોનો અનુભવ

● ચિનુભાઈ પટેલ

મને તો એમ કે આ વિદ્યાર્થીઓ પસ્તી કોઈ મોટા વેપારીને વેચતા હશે. સ્વચ્છતાના ગાંધીજીના મૂલ્યોને તમામે પોતાના જીવનમાં ઉતારવા જોઈએ. ગાંધીજી તો લઘુશંકા કરવા જતા તો ખાડો કરીને તેમાં લઘુશંકા કરતા અને પત્યા પછી તેની પર માટી વાળી દેતા. આટલી ઝીણવટભરી ચીવટ તેમની સ્વચ્છતા માટે હતી.

● જે.કે. પટેલ

લોકોને સ્વચ્છતા માટે જાગૃત કરવા જોઈએ અને આ એક સારી શરૂઆત છે. જે હાલ અંકુર સ્વરૂપે છે પરંતુ નિશ્ચિત પણે તે એક વટવૃક્ષ બનશે. આપણે પ્રકૃતિનો બગાડ ઓછો કરીશુ તો આપણુ સ્વાસ્થ સુધરશે અને સ્વસ્થ રહી શકીશુ. નરેન્દ્ર મોદી ઘણા નવા નવા અને સારા વિચારો અમલમાં મુકે છે તે રાષ્ટ્ર માટે ખૂબ જ સારી વાત છે.

● એ.સી. પટેલ

સાબર કોલેજની બાળાઓનો પ્રયાસ સરાહનીય છે. અને આ પ્રસાયને એક આંદોલન સ્વરૂપે અપનાવવો જોઈએ. વળી સ્વચ્છતા અભિયાનને ક્રાંતિ બનાવીશું તો અંતે આપણા દેશના હેલ્થ બજેટને જ લાભ થવાનો છે. ગાંધીજી તો સામાન્ય જન માટે ભગવાન સમા કહેવાય જેમણે તમામ ક્ષેત્રે ઉત્તમ વિચારોને જન્મ આપ્યો છે.

● મહેશભાઈ જાની

આ વિદ્યાર્થીનીઓએ કરેલ શેરીનાટક ખૂબ સારો ઉપદેશ આપે છે. આપણું ઘર, આપણુ ફળિયુ, આપણું શહેર એમ શરૂઆત કરીને આપણે સ્વચ્છતા માટે ખૂબ આગળ સુધી પહોંચવુ જોઈએ. આ અંગે ગાંધીજીએ પ્રથમ પગથીયુ પુરૂ પાડ્યું જ છે. ગાંધીનગર મનપા દ્વારા ઘરે ઘરેથી કચરો ઉઘરાવવાનું શ્રેષ્ઠ કાર્ય કરાય છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૨
સૂર્યાસ્ત : ૬.૨૪

### તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૫૦ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

હૈદર : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

હૈદર : ૧૧.૦૦

૩ એ.એમ. : ૨.૩૦

ખૂબસૂરત : ૪.૪૫

ગોવિંદુદુ અન્ડારીવાડેલે : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

બેંગ બેંગ : ૧૦.૦૦

હૈદર : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

હૈદર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦

હૈદર : ૧૨.૩૦, ૬.૩૦

### આપની આજ

**મેષ** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનુંનિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થસે. વ્યાપાર-દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : શુભ ફળ પ્રાપ્ત થશે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે. ગૂઢ કાર્યોમાં શોધનો યોગ.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**મીન** : પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે.

### ચિરવિદાય

- સ્વ. ત્રિકમભાઈ ઈશ્વરલાલ વાળંદ, (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૧૪૨/૨, સેકટર-૪બી, ગાંધીનગર
- સ્વ. ગગજીભાઈ છગનભાઈ ઠાકોર (ઉ.વ.૫૮) ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. મહિજીજી જીવાજી ઠાકોર (ઉ.વ.૭૫) મુ. વાવોલ, તરપોજ વાસ, તા.જી. ગાંધીનગર
- સ્વ. કરશનભાઈ જેઠાભાઈ તુરી (ઉ.વ.૬૫) સેકટર-૧૪, ગોકુળપુરાના નવા છાપરાં, ગાંધીનગર